શ્રદ્ધાળુઓ અને રહીશો પણ ભારે પરેશાન

કાશીવિશ્વનાથ તળાવ જળચર જીવો માટે 'મૃત્યુજાળ'

મગર અને કાચબાના
અસ્તિત્વ સામે પણ
ઊભો થયો મોટો પ્રશ્નાર્થ

(પ્રતિનિધિ) વડોદરા તા.15
વડોદરાના વોર્ડ નંબર ૧૩માં આવેલું ઐતિહાસિક કાશિવિશ્વનાથ તળાવ હાલ તંત્રની ઘોર અણઆવડત અને બેદરકારીનું પ્રતીક બની ગયું છે. પાલિકા દ્વારા તળાવના બ્યુટીફિકેશન અને જાળવણી પાછળ દર વર્ષે કરદાતાઓના લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે, તેમ છતાં દિવસ-રાત આ તળાવની હાલત વધુને વધુ બગડતી જઈ રહી છે. હાલમાં આ તળાવમાં અસંખ્ય માછલીઓ રહસ્યમય રીતે મૃત્યુ પામેલી હાલતમાં મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે પાલિકા તંત્ર સામે ચક્કાચાર અને આક્રોશનો માહોલ સર્જાયો છે. કાશિવિશ્વનાથ તળાવ માત્ર માછલીઓ જ નહીં, પરંતુ કાચબા અ ને મગર જેવા અનેક જળચર પ્રાણીઓનું કુદરતી નિવાસસ્થાન છે. દૂષિત પાણી અને તંત્રની અણઘડ નીતિઓને કારણે આજે આ તમામ જળચર જીવોના અસ્તિત્વ સામે મોટું જોખમ ઊભું થયું છે. અચાનક મોટી સંખ્યામાં માછલીઓના તળાવની સપાટી પર તરતા મૃતદેહો જોવા મળતાં જળચર પ્રેમીઓમાં પણ ભારે ચિંતા વ્યાપી ગઈ છે. જો સમયસર યોગ્ય પગલાં નહીં લેવાય તો તળાવમાં રહેલા મગર અને કાચબા જેવા જીવો પણ કાળના મુખમાં ધકેલાઈ જાય તેવી ભયાનક સ્થિતિ નિર્માણ પામી છે. તળાવમાં માછલીઓના કોહવાઈ ગયેલા દેહોને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં માથું ફાટી જાય તેવી અસહ્ય દુર્ગંધ ફેલાઈ ગઈ છે. તળાવ નજીક આવેલી સોસાયટીઓના રહીશો પોતાના ઘરના બારી-બારણાં સંપૂર્ણપણે બંધ કરીને પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. નાના બાળકો અને વૃદ્ધો માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ બની ગયો છે, જેનાથી આરોગ્ય વિષયક ગંભીર સમસ્યાઓ ઊભી થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત, તળાવ કિનારે આવેલા કાશિવિશ્વનાથ મહાદેવના મંદિરે રોજિંદા ધોરણે દર્શનાર્થે આવતા હજારો ભક્તજનોને પણ આ દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. પવિત્ર ધાર્મિક સ્થળ પર ફેલાયેલી આ ગંદકી અને દુર્ગંધને કારણે શ્રદ્ધાળુઓનું મન પણ દુભાયું છે. લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં સ્થિતિ જસની તસ રહેતા સ્થાનિક રહીશો અને ભક્તોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે પાલિકા તંત્ર તાત્કાલિક ધોરણે મૃત માછલીઓનો નિકાલ કરે, પાણીની ગુણવત્તાની તપાસ કરાવે અને આ કાયમી સમસ્યાનો આખરી ઉકેલ લાવે.

સમયસર હોસ્પિટલ પહોંચી જવાથી બંને દર્દીઓનો બચાવ

આજવા ચોકડી પાસે યુવકને સાપે અને માધવનગરમાં યુવાનને વીંછીએ ડંખ માર્યો

વડોદરા જિલ્લામાં ઝેરી
જીવજંતુઓનો આંતક વધી
રહ્યો છે : લોકોને સાવચેતી
રાખવા તંત્રની સલાહ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15,
શહેરમાં આજવા રોડ વિસ્તારમાં સર્પ અને વીંછી દંશની બે અલગ-અલગ ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જેમાં એક બનાવમાં ૧૮ વર્ષીય યુવકને સાપ કરડતા તથા બીજા બનાવમાં ૩૭ વર્ષીય યુવાનને વીંછી કરડતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. હાલ બંને દર્દીઓની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળે છે.
બંને જાનવર કરડવાની ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર, આજવા ચોકડી પાસે આવેલ ઈસ્કોન ગાંઠિયાની આસપાસ રહેતા ઈશ્વરભાઈ ધનીયાભાઈ મીના. ઉંમર વર્ષ ૧૮ ને અચાનક જમણા પગમાં સાપ કરડી ગયો હતો. યુવકને સાપ કરડ્યાની જાણ થતાં જ પરિવારજનો અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતાને જોતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો.
૧૦૮ ની ટીમ સમયસર સ્થળ પર પહોંચી ગઈ હતી અને પ્રાથમિક સારવાર આપી ઈશ્વરભાઈને સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં તેમની તબિયત હાલ સ્થિર હોવાનુ હોસ્પિટલના સૂત્રો દ્વારા જાણવા મળેલ છે. બીજા એક અન્ય બનાવમાં, આજવા રોડ પર આવેલ માધવ નગર ખાતે રહેતા ભુપેન્દ્રસિંહ તિલકસિંહ તોમર. ઉંમર વર્ષ ૩૭ ને તેમના ઘર આસપાસ ડાબા હાથની ટચલી આંગળીના ભાગે વીંછી કરડી ગયો હતો.
વીંછીના ઝેરની અસરના કારણે તેમને તીવ્ર પીડા ઉપડી હતી. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો હતો. ૧૦૮ ની ટીમે તાત્કાલિક ધોરણે ભુપેન્દ્રસિંહને સયાજી હોસ્પિટલની ઈમરજન્સી વિંગમાં પહોંચાડ્યા હતા. ચોમાસા કે સામાન્ય દિવસોમાં આવા ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ વધી જતો હોય છે.
સયાજી હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, સમયસર ૧૦૮ એમ્બ્યુલન્સની સગવડ મળી રહેવાથી અને સમયસર હોસ્પિટલ પહોંચી જવાથી બંને દર્દીઓનો સમયસર ઈલાજ શરૂ થઈ ગયો છે અને હાલ તેઓ ભયમુક્ત છે.

કુરાનખ્વાની, મિલાદ અને મહેફિલે સમા યોજાઈ

ખાનકાહે રિફાઈયાના સૈયદ ફખરુદ્દીન અમીરમીયાંનો ઉર્સ-શરીફ સંપન્ન

ખાનકાહે-આલિયા
રિફાઈયા ખાતે ચાર
દિવસીય કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15
વડોદરા શહેરના દાંડીયા બજારમાં આવેલી ખાનકાહે-આલિયા રિફાઈયા ખાતે પીર હઝરત સૈયદ ફખરૂદ્દીન ગુલામહસેન અલ-મારૂફ અમીરમીયાં રિફાઈ (રહે.)ના ૧૮૬મા ઉર્સ-શરીફની ચાર દિવસીય ઉજવણી ધાર્મિક માહોલમાં સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં મુરીદો, અકીદતમંદો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન પ્રસંગે ખાનકાહે-આલિયા રિફાઈયાના સજ્જાદાનશીન પીર અલ્હાજ સૈયદ કમાલુદ્દીન મઝહરૂલ્લાહ રિફાઈ સાહેબે સંબોધન કરતાં દેશમાં ભાઈચારો અને એકતા જળવાઈ રહે તેવી દુઆ કરી હતી. તેમણે તમામ જાતિ-ધર્મના યુવાનોને વ્યસનથી દૂર રહેવા તેમજ દેશનું નામ વિશ્વમાં ઊંચું રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, પારસી સહિત વિવિધ સમાજના લોકો ખાનકાહ ખાતે શ્રદ્ધા અને આસ્થા સાથે આવે છે, તેથી ઉર્સને એકતાનું બેનમૂન પ્રતિક ગણાવ્યો હતો. ઉર્સ નિમિત્તે કુરાનખ્વાની, ઝિક્ર રિફાઈયા, સંદલમાલી, સીઝરા શરીફ, મિલાદ શરીફ, રાતીબે રિફાઈ તથા મહેફિલે સમા-કવ્વાલીના કાર્યક્રમો યોજાયા હતા.

કરજણના સંતોષનગરના દાઝી ગયેલા યુવાનનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
કરજણ નગરના નવા બજાર વિસ્તારમાં આવેલા સંતોષનગર ખાતે રહેતા અને માત્ર ૨૧ વર્ષીય યુવાન જીગ્નેશભાઈ ચંદુભાઈ વસાવા ગત તારીખ ૪ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘર નજીક જ કચરો સળગતો હતો તે જગ્યાએ અચાનક લપસીને અથવા અસંતુલિત થઈને પડી ગયા હતા. આ બનાવમાં આગની ઝપેટમાં આવી જવાથી તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. પરિવારજનો અને સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે તેમને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે કરજણની સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની સ્થિતિ નાજુક જણાતા તબીબોની સલાહ મુજબ વધુ અને વિશેષ સારવાર માટે તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં 11 દિવસની સારવાર બાદ મોતને ભેટ્યા હતાં.

ધો.10 પાસથી અનુસ્નાતક સુધીના ઉમેદવારોને તક

વડોદરામાં 17 સપ્ટેમ્બરે રોજગાર-એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વડોદરામાં 17 સપ્ટેમ્બર, 2026ના રોજ સવારે 9 વાગ્યાથી કલસ્ટર કક્ષાનો રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે. જિલ્લા રોજગાર કચેરી વડોદરા, ખેડા, આણંદ અને છોટાઉદેપુર તેમજ યુ.ઈ.બી. વડોદરા અને વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આ મેળો આઈ.ટી.આઈ. કેમ્પસ, તરસાલી ખાતે યોજાશે. ભરતી મેળામાં 35થી વધુ કંપનીઓ દ્વારા સર્વિસ, મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, સેલ્સ, હોસ્પિટલ અને ઈન્સ્યુરન્સ સહિતના ક્ષેત્રોમાં 1500થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ અને પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. વિવિધ કંપનીઓમાં એક્ઝિક્યુટિવ, પ્રોડક્શન સુપરવાઈઝર, ક્વોલિટી કન્ટ્રોલર, આસિસ્ટન્ટ મેનેજર, સેલ્સ એન્ડ માર્કેટિંગ મેનેજર, ટીમ લીડર, ઈલેક્ટ્રોનિક એન્જિનિયર, કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ, પ્રોડક્શન ઓપરેટર, એકાઉન્ટર, રિલેશનશિપ મેનેજર, ટેલીકોલર અને ફિલ્ડ એક્ઝિક્યુટિવ સહિતની જગ્યાઓ ઉપલબ્ધ રહેશે. ધોરણ 10-12 પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, બી.કોમ., એમ.કોમ., બી.ફાર્મ., એમ.ફાર્મ., બીબીએ, એમબીએ, બીએસસી, એમએસસી તથા વિવિધ એન્જિનિયરિંગ અને મેડિકલ ક્ષેત્રની લાયકાત ધરાવતા 18થી 35 વર્ષના ઉમેદવારો ભાગ લઈ શકશે. દિવ્યાંગ ઉમેદવારોને પણ તક મળશે. ઉમેદવારોને વિદેશમાં રોજગાર-અભ્યાસ, કૌશલ્ય તાલીમ, સ્વરોજગાર લોન તથા અનુબંધમ અને NCS પોર્ટલ અંગે માર્ગદર્શન અપાશે. ઉમેદવારોએ પાંચ બાયોડેટા સાથે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. ભરતી માટે કોઈ ફી લેવામાં નહીં આવે. નોંધાયેલા ઉમેદવારોને પરત ફરવા માટે એસ.ટી. કૂપન પણ આપવામાં આવશે.

ઉત્સવનો માહોલ" આપણો દેશ ભારત ઉત્સવોનો દેશ છે.

■ ફોટોગ્રાફર પિયુષ પટેલ દ્વારા અલકાપુરી ખાતે આવેલ ગેલેરીમાં એક્ઝિબિશન આયોજન કરવામાં આવ્યું હતું ગુજરાતમાં વિવિધ સ્થળે ઉજવતા ઉત્સવોના ફોટોગ્રાફ્સ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે ઉજવણીઓનો વરસાદ એ ભારત માતાનું રત્ન છે. તહેવારો સંવેદનશીલ લાગણીઓનો ખજાનો છે. ભારત મારો દેશ છે, અને ગુજરાત મારું ઘર છે.

વડોદરામાં ગ્લોબલ એકેડેમિક કોન્ક્લેવ, AI યુગના કૌશલ્યો પર ચર્ચા

સ્કૂલ-કોલેજ-યુનિવર્સિટી
વચ્ચે સહયોગ વધારવા
તેમજ વિદેશી શિક્ષણની
તકો અંગે માર્ગદર્શન
આપવા ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
વિદ્યાર્થીઓને વૈશ્વિક શિક્ષણ અને ભવિષ્યની કારકિર્દી માટે તૈયાર કરવા અંગે વડોદરામાં ગુજરાત ગ્લોબલ એકેડેમિક કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. ન્યૂઝીલેન્ડ ગેટવે દ્વારા AUTના સહયોગથી યોજાયેલા એકેડેમિક લીડરશિપ મીટમાં નવરચના યુનિવર્સિટી, સિગ્મા યુનિવર્સિટી, જીએસએફસી યુનિવર્સિટી, સીએનએસ વર્લ્ડ સ્કૂલ, શાનેન વર્લ્ડ સ્કૂલ અને કેજીઆઈટી સહિતની શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતા. 'પ્રીપેરિંગ ગુજરાત સ્ટુડન્ટ્સ ફોર અ ગ્લોબલ ફ્યુચર' વિષયક પેનલ ચર્ચામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ટેકનોલોજી આધારિત શિક્ષણ, ઉદ્યોગક્ષેત્રની બદલાતી જરૂરિયાતો તથા વિદ્યાર્થીઓમાં વિકસાવવાના કૌશલ્યો અંગે ચર્ચા થઈ હતી. શિક્ષણવિદોએ સમસ્યા ઉકેલવાની ક્ષમતા, સર્જનાત્મક વિચારસરણી, સંવાદ કૌશલ્ય, ટીમવર્ક, ડિજિટલ કૌશલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણને ભવિષ્ય માટે મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.
ચર્ચામાં સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટી અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વચ્ચે સહયોગ વધારવા તેમજ વિદ્યાર્થીઓને વિદેશી અભ્યાસક્રમો, સ્કોલરશિપ અને વૈશ્વિક કારકિર્દીની તકો અંગે સમયસર માર્ગદર્શન આપવા પર ભાર મૂકાયો હતો. ન્યૂઝીલેન્ડ ગેટવેના પાર્ટનર અને લાઈસન્સ્ડ ઈમિગ્રેશન એડવાઈઝર રિદ્ધિશ બીનીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શિક્ષણની તકો વધુ સર્વસમાવેશક બનાવવા શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સતત સહયોગ જરૂરી છે.

વડોદરામાં દિગંબર જૈન દશલક્ષણી પર્યુષણ મહાપર્વનો બુધવારથી પ્રારંભ

વાડી આદિનાથ અને
નવીપોળ પાર્શ્વનાથ
દિગંબર જૈન મંદિરે 16થી
25 સપ્ટેમ્બર સુધી ધાર્મિક
કાર્યક્રમો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫
વડોદરા શહેરમાં આગામી તા. ૧૬-૯-૨૦૨૬, બુધવારથી દિગંબર જૈન દશલક્ષણી પર્યુષણ મહાપર્વ મહોત્સવનો મંગલ પ્રારંભ થવા જઈ રહ્યો છે. દશધર્મ (ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આંકિચન અને બ્રહ્મચર્ય) ની આરાધનાનું આ પર્વ શ્રી વાડી આદિનાથ દિગંબર જૈન મંદિર તથા શ્રી નવીપોળ પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર પાણીગેટ રોડ, વડોદરા ખાતે ભાદરવા સુદ ચૌદશ એટલે કે તા. આજથી ઉત્સાહપૂર્વક ઉજવાશે. આ દસ દિવસ દરમિયાન બંને મંદિરોમાં દરરોજ સવારે ૮ કલાકે અભિષેક અને પૂજન તથા સાંજે ૬:૩૦ કલાકે પ્રતિક્રમણ અને ત્યારબાદ આરતીના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.
ક્ષમાવાણી સુધી ચાલનારા આ પર્વ દરમિયાન બંને મંદિરોમાં વારાફરતી મહિલા મંડળ, જીનવાણી પ્રચાર સંઘ અને યુવક મંડળ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના નાના-મોટા સૌ ભાવિકોને ઉત્સાહભેર ભાગ લેવા નમ્ર અપીલ છે. આ ઉપરાંત, મંદિરમાં પૂજન તથા અભિષેક કરવા પધારતા ધર્મપ્રેમી ભાવિકજનો માટે ધોતી-ખેસ તેમજ પૂજન સામગ્રીની વિશેષ વ્યવસ્થા પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

તિલકવાડાના કાકડિયા ગામના યુવકનુ બાઈક અકસ્માતમાં ગંભીર ઈજા પામ્યા બાદ સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.14
તિલકવાડા તાલુકાના કાકડિયા ગામે રહેતા ૫૦ વર્ષીય કેશુરભાઈ કંચનભાઈ ભીલ ગત શુક્રવારના રોજ પોતાના કામ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા. તે દરમિયાન તિલકવાડા તાલુકાના જેસિંગપુરા ગામ પાસેથી પસાર થતી વખતે અચાનક તેઓનું બાઈક સ્લીપ થઈ જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કેશુરભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે રાજપીપળાની GMERS હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.
રાજપીપળા હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની તબિયત વધુ નાજુક અને ગંભીર જણાતા તબીબો દ્વારા તેઓને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. વડોદરા સયાજી હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં છેલ્લા કેટલાક દિવસોથી ડોક્ટરોની ટીમ દ્વારા તેઓની સઘન સારવાર કરવામાં આવી રહી હતી. પરંતુ ગંભીર ઈજાઓની અસરો અને વધુ પડતી શારીરિક અસ્વસ્થતાના કારણે તેઓની સ્થિતિ સુધરી શકી ન હતી. સારવાર દરમિયાન મંગળવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યે કેશુરભાઈએ હોસ્પિટલમાં જ અંતિમ શ્વાસ લીધા હતા. આ અચાનક અને આકસ્મિક મૃત્યુના સમાચાર કાકડિયા ગામ અને તેમના પરિવારજનો સુધી પહોંચતા જ સમગ્ર વિસ્તારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

PUBLIC NOTICE

Notice is hereby given to the general public that I, **MRS. PRATIMA INDUKUMAR PATEL @ PRATIMA PRATAPCHANDRA PANDIT,** having address 08, Kantinagar, Flat No. 17, 3rd Floor, Mehul Premises Andheri (East), Mumbai- 400059 and currently residing at C8-11 Bhoomi Gokul Building, 8th Floor, Off. A.K. Vaidya Marg, Behind Dindoshi Bus Depot, Malad (East), Mumbai-400097 had executed a Power of Attorney dated 22.10.2024 in favour of **SHRI VIKRAM PRATAPCHANDRA PANDIT,** residing at Vijay Sadan Atmaram Road, Kareli Bagh, Vadodara - 390018, authorized him to act on my behalf in respect of **my share of 100% situated at** Bunglow No. 4, Pratapkunj Co-operative Housing Society Ltd., Atmaram Road, Kareli Bagh, Vadodara - 390018.
I hereby revoke and cancel the said Power of Attorney dated 22.10.2024 in favour of **SHRI VIKRAM PRATAPCHANDRA PANDIT** with immediate effect from **16.09.2026.**
All persons, authorities, and institutions are hereby informed not to deal with or rely upon any actions, representations, or transactions made by the said **SHRI VIKRAM PRATAPCHANDRA PANDIT** on my behalf from the date of this notice in connection with the said premises and any other incidental acts mentioned in the said Power of Attorney dated 22.10.2024 given by me. Any such dealings, if entered into, shall be at the sole risk and responsibility of the concerned party, and I shall not be liable for the same.
Sd/-
MRS. PRATIMA INDUKUMAR PATEL @ PRATIMA PRATAPCHANDRA PANDIT
Add : 08, Kantinagar, Flat No.17, 3rd Floor, Mehul Premises Andheri (East), Mumbai - 400059 & C8-11 Bhoomi Gokul Building, 8th Floor, Off. A. K. Vaidya Marg, Behind Dindoshi Bus Depot, Malad (East), Mumbai- 400 097. Mobile Number : 9326584691 / 9819544881

પરશુરામ ભટ્ઠા પાસે ચાલુ ટ્રેનથી પટકાતા ૨૨ વર્ષીય યુવાન ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
શહેરના પરશુરામ ભટ્ઠા વિસ્તાર નજીક આવેલા રેલવે ટ્રેક પર આજ રોજ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાલતી ટ્રેનમાંથી અચાનક નીચે પડી જવાથી ૨૨ વર્ષીય યુવાનને ઈજાઓ પહોંચી હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સમીર શેખ ઉંમર વર્ષ ૨૨ નામનો યુવાન આજ રોજ પરશુરામ ભટ્ઠા પાસેના રેલવે ટ્રેક પાસેથી પસાર થઈ રહેલી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. તે દરમિયાન અચાનક સંતુલન બગડતા અથવા અન્ય કોઈ કારણોસર તેઓ ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં સમીરભાઈના માથાના ભાગે તેમજ ડાબા હાથ અને પગમાં ઈજાઓ થઈ હતી. આ અકસ્માતના પગલે ઈજાગ્રસ્ત યુવાનના પરિવારમાં ભારે ચિંતા અને શોકનું વાતાવરણ છવાયું છે.

GSFC યુનિવર્સિટીની ડબલ ધમાકેદાર જીત

ડ્રોનથી શહેરની સમસ્યાઓ શોધી, AIથી ઉકેલ આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15
GSFC યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની ELCIA નેક્સ્ટ-જન ઈનોવેટિવ ટેક હેકાથોન 2026-સ્માર્ટ સિટી ડ્રોન-AI ચેલેન્જમાં શાનદાર સફળતા મેળવી છે. ઈલેક્ટ્રોનિક્સ સિટી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ELCIA) દ્વારા IIIT-બેંગલુરુ અને VSDના સહયોગથી યોજાયેલી આ સ્પર્ધામાં GSFC યુનિવર્સિટીની બે ટીમોએ પ્રથમ અને પ્રથમ રનર-અપ સ્થાન મેળવ્યું હતું. બંને ટીમોએ કુલ 85,000નું ઈનામ જીત્યું હતું.
10 સપ્ટેમ્બર, 2026ના રોજ બેંગલુરુના ઈલેક્ટ્રોનિક્સ સિટી ખાતે આવેલી ધ ઓટેરા હોટેલમાં યોજાયેલી ELCIA ટેક સમિટ 2026 દરમિયાન વિજેતા ટીમોને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. 183 ટીમો અને 343 સ્પર્ધકોએ ભાગ લીધેલી આ સ્પર્ધામાં દેશના 18 રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ જોડાયા હતા. GSFC યુનિવર્સિટી પ્રથમ અને દ્વિતીય બંને સ્થાન મેળવનારી એકમાત્ર યુનિવર્સિટી રહી હતી.
પ્રથમ ઈનામ મેળવનારી ડ્રોન404 ટીમમાં બી.ટેક. કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના ત્રીજા વર્ષના કૃશય શાહ અને બીજા વર્ષના તત્વ શાહનો સમાવેશ થાય છે. ટીમે 'હાઈડ્રો-વિઝન-3ડી' નામનું AI આધારિત ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન વિકસાવ્યું હતું, જે ડ્રોન વીડિયાની મદદથી રસ્તાના ખાડા, પાણી ભરાવું, ખુલ્લા મેનહોલ, ગટર ઓવરફ્લો અને ક્ષતિગ્રસ્ત ફૂટપાથ જેવી સમસ્યાઓ ઓળખી શકે છે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.
Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, પમો માળ, લાર્વટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. ૪૦૦૦૭૨
દાહોદ શાખાઃ સી.એસ. નં. ૫૮, એસ.એફ. ૨, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોધરા રોડ, દાહોદ - ૩૮૯૧૫૧ (ગુજરાત)
ગોધરા શાખાઃ શોપ નં. ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ - ૩૮૯૦૦૧ (ગુજરાત)

ડિમાન્ડ નોટિસ

ધ સિક્યુરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સેક્શન ૧૩(૨) સાથે ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ (૧) મુજબ.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લી. (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે સિક્યુરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સદર એક્ટ)ના સેક્શન ૧૩(૧૨) સાથે ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો) ("સદર દેવાદાર(રો)")ને સદર એક્ટના સેક્શન ૧૩(૨) હેઠળ માંગણી નોટિસ (ડિમાન્ડ નોટિસ) પાઠવીને નીચે જણાવેલ સદર નોટિસમાં દર્શાવેલી રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે. આથી સદર દેવાદાર(રો)ને આ નોટિસ પ્રસિદ્ધ થયા તારીખથી ૬૦ દિવસમાં AHFLને રકમ ચૂકવી આપવા પુનઃ નોટિસ આપવામાં આવે છે. સદર દેવાદાર(રો) દ્વારા લોનની યોગ્ય ભરપાઈ માટે નીચે દર્શાવેલ મિલકતો AHFL પાસે મોર્ગેજ મુકેલ છે.

અ. નં.	દેવાદાર / સહ-દેવાદાર અને જામીનદારનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	ગીરો મુકેલ મિલકતની વિગત (સ્થાવર મિલકત)
1	(લોન એકાઉન્ટ નં. 38110000171 / દાહોદ શાખા) ગણેશભાઈ રાવળ (દેવાદાર) છગનભાઈ સોમાભાઈ રાવળ અને ટીનાબેન ગણેશભાઈ રાવળ અને શારદાબેન છગનભાઈ રાવળ (સહ-દેવાદારો)	09-09-2026 ₹ 6,07,032/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જીએફ, એફએફ સી.એસ. નં. ૪૧૯૦, રાવળિયા વાડ, પડાય રોડ, જી. દાહોદ, ગુજરાત ૩૮૯૧૫૧. ચતુર્સીમાઃ પૂર્વ: સી.એસ. નં. ૪૧૮૯ને સંલગ્ન, પશ્ચિમ: સી.એસ. નં. ૪૧૮૯ને સંલગ્ન, ઉત્તરઃ સી.એસ. નં. ૪૧૮૯ને સંલગ્ન, દક્ષિણઃ સી.એસ. નં. ૪૧૮૯ને સંલગ્ન.
2	(લોન એકાઉન્ટ નં. 17610000365 / ગોધરા શાખા) ઈલિયાસ અબ્દુલસલામ કાલંદર (દેવાદાર) કાલંદર રઝિયા (સહ-દેવાદાર)	09-09-2026 ₹ 11,47,075/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર પ્લોટ નં. ૪૦ પૈકી વેસ્ટ સાઈડ હાઉસ નં. ૪૦/એ, ફક્ત ગ્રાઉન્ડ ફ્લોર (૧/૫૩૭/એલ) કસ્બા ખલીફળિયા, મોજે અને તા. ગોધરા, જી. પંચમહાલ, ગુજરાત ૩૮૯૦૦૧. ચતુર્સીમાઃ પૂર્વ: ૨૦ ફૂટના રોડ પછી શોપ, પશ્ચિમ: રોડ, ઉત્તરઃ કોમન વોલ સાથે પ્લોટ નં. ૪૧, દક્ષિણઃ પ્લોટ નં. ૩૯.

જો સદર દેવાદારો AHFLને રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો AHFL સદર એક્ટના સેક્શન ૧૩(૪) અને સંબંધિત નિયમો હેઠળ આગળની કાર્યવાહી કરશે, જેના તમામ ખર્ચ અને પરિણામોની જવાબદારી સદર દેવાદારોની રહેશે. સદર દેવાદારોને AHFLની પૂર્વ લેખિત મંજૂરી વિના વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે અગાઉ દર્શાવેલ મિલકતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. સદર એક્ટ અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર અથવા ઉશ્કેરનાર કોઈપણ વ્યક્તિ એક્ટ હેઠળ કેદ અને/અથવા દંડની સજાને પાત્ર રહેશે.
સ્થળઃ ગુજરાત
તારીખઃ ૧૬.૦૯.૨૦૨૬
સહી/- અધિકૃત અધિકારી
ફોરઃ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ